વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૪૦ : અંક - ૪ ✽ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✽ તંત્રી : નમ્રતા બાલી ✽ પ્રકાશન : ફેબ્રુઆરી-૨૨, ૨૦૨૨

# સન -૨૦૨૨-૨૩નું અંદાજપત્ર (બજેટ)

દરેક વર્ષની જેમ આ વખતે પણ દેશના માનનીય નાણાંમંત્રી નિર્મલાબેન સીતારામે લોકસભામાં તારીખ ૧-૨-૨૦૨૨નાં દિવસે સન -૨૦૨૨-૨૩નું અંદાજપત્ર રજૂ કર્યું. છેલ્લા બે વર્ષમાં કોરોનાની મહામારીમાં અર્થતંત્રની નાણાંકીય આપદા વેઠ્યા બાદ, વર્ષ ૨૨-૨૩નાં અંદાજપત્ર નવો વિશ્વાસ લઈને આવ્યું છે. આ અંદાજપત્રને આર્થિક બુધ્ધિલક્ષી બજેટ, દૂરદેશી અને વિકાસ લક્ષી બજેટ તરીકે પણ ગણવામાં આવ્યું છે.

અંદાજપત્રમાં વધુ રોકાણો (investment) તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો કરવામાં આવશે, જેનાથી ૬૦ લાખ નોકરીઓની તકો ઉભી થશે. જ્યારે અંદાજપત્રથી મોંઘવારી વધશે.

- પી એમ. આવાસ યોજના હેઠળ વર્ષ ૨૨-૨૩માં ૮૦ લાખ ઘરો બનાવવામાં આવશે, જેમાં રૂ.૪૮૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- ''નળમાંથી જળ'' ઘર ઘરમાં નળમાં પાણીની સુરક્ષા અપાશે.
- વધુ શૌચાલયો બનાવવાનું કામચાલુ રહેશે.
- દરેક ગરીબના ઘરમાં ગેસ કનેક્શન આપવામાં આવશે.
- દરેક જગ્યાએ ઈન્ટરનેટ કનેક્શનની સુવિધા આપવામાં આવશે.
- 5G મોબાઈલ ૨૦૨૩ શરૂ થશે
- '' સોલાર ''ઉત્પાદનની ક્ષમતા વધારશે.
- ૨૫૦૦૦ કી. મી.નાં નેશનલ હાઈવે નવીન રીતોથી (innovative ways) રૂ. ૨૦.૪૦ કરોડના ખર્ચે બનાવવામાં આવશે.
- આગામી ત્રણ વર્ષોમાં ૪૦૦ નવી ટ્રેનો બનાવવામાં આવશે જેનું નામ''વંદે ભારત'' રાખવામાં આવશે.
- બે રીવર-લીંકીંગ પ્રોજેક્ટ શરુ કરવામાં આવશે.
- સંરક્ષણ પાછળ ૫.૨૫ લાખ કરોડની ફાળવણી કરી.
- સહકારી મંડળીઓ ઉપરનો ટેક્ષ ૧૮%થી ઘટાડી ૧૫%કર્યો, સરચાર્જ ૧૨%થી ૭%કરાયો.
- ઈલેક્ટ્રીક વાહનો માટે બેટરી સ્વેપિન (અદલાબદલી) પોલિસી બનાવી. જેનાથી - ઈલેક્ટ્રીક વાહનોનો વધારે ઉપયોગ થશે અને બેટરી ચાર્જ કરવાની સવલતો (facilites) કરવામાં આવશે. દરેક પેટ્રોલ પંપ ઉપર બેટરી ચાર્જ કરવાની સગવડ મળશે. જેથી કાર્બન ઓછું વપરાશે.

❑

- ડીજીટલ સેવાઓનો વધારે ઉપયોગ કરાશે.
- કેમિકલ વગરની (ઓર્ગેનીક) ખેતી કરવા માટે વિચાર આપ્યો છે. ખાસ કરીને ખેતીનાં સ્ટાર્ટઅપસને, પુરતું બજેટ આપવામાં આવ્યું નથી.
- ગ્રામીણ નોકરીઓ માટે ૨૫% કાપ મુક્યો છે.
- ગીફ્ટ સીટી (ગાંધીનગરમાં) ગ્લોબલ (આંતરરાષ્ટીય) સંસ્થાઓ તેમના કેમ્પસ, યુનિવર્સીટીઓ બનાવશે, જેમને ભારત દેશના નિયમો લાગુ નહીં પડે — ડીજીટલ યુનિવર્સીટી અને ૨૦૦ ટીવી ચેનલો બનાવશે.
- કો. ઓપરેટીવ —મિનિસ્ટ્રીને ૯૦૦ કરોડ રૂ. ફાળવાશે, જેમાં પ્રાયમરી ખેતીની કો. ઓપરેટીવ સોસાયટીને ડીજીટાઈશેશન માટે ૩૫૦ કરોડ રૂ.ની ફાળવણી થશે.
- **MSME** – કંપનીઓને સરકાર ૫૦,૦૦૦ કરોડ રૂ.ની ગેરંટી આપશે. માઈક્રો ફાયનાન્સ કંપનીઓને પણ કેપીટલ આપશે.
- ક્રિપ્ટો કરન્સી : ડીજીટલની વ્યવસ્થા દ્વારા પૈસાની લેવડદેવડ -વેપાર કરતી સંસ્થાઓને માન્યતા. આપણામાં આવી નથી, પરંતુ તેમણે - સરકારને ૩૦% ટેક્ષ ભરવો પડશે.
- રિઝર્વ બેંક ''ડીજીટલ રૂપિયો'' લાવશે. જેથી દેશમાં ડીજીટલ અર્થતંત્રને પ્રોત્સાહન મળશે. આ ઉપરાંત ડીજીટલ મિલકતોને ટ્રાન્સફર કરવા ઉપર ૧% ટી. ડી.એસ. કપાશે.
- કૃષિ ક્ષેત્રે રૂ. ૧.૩૨ લાખ કરોડની ફાળવણી કરી છે. જેમાં, બજેટમાં ૪%નો વધારો કર્યો છે.

  કિસાન ફોનને પ્રોત્સાહન અપાશે.

  પાકની ખરીદી ઉપર ઘઉં અને ધાનના ૨.૩૭ લાખ કરોડ રૂ. - સીધા ખેડૂતનાં ખાતામાં જમાં કરવામાં આવશે.

  સરકાર તથા વ્યક્તિગત રોકાણો દ્વારા દેશનો વિકાસ કરાશે. આ માટે સરકાર દેવું પણ કરશે, પણ આ દેવાનો ઉપયોગ — ઈન્ફાસ્ટકચરમાં રોકાણો કરવામાં કરશે. ઝડપી વિકાસ થશે. નોકરીઓ વધશે. પણ, મોંઘવારી પણ વધશે.

## અંદાજપત્ર ઉપર — ટિપ્પણીઓ

- અંદાજપત્રથી મધ્યમવર્ગ સાવ નિરાશ.

  મધ્યમવર્ગ વધારે ટેક્ષ ભરે છે, છતાં ટેક્ષમાં રાહત નહીં.
- યુવાનો, ખેડૂતો, મધ્યમવર્ગ, ગરીબોને દગો આપતું ઝીરો સમબજેટ — વિપક્ષ
- આત્મનિર્ભર ભારત સાકાર કરતું લોકરંજક બજેટ - ગુજરાત મુખ્ય મંત્રીઃ
- ''અંદાજપત્ર સારુ પણ ક્રીપ્ટો કરંશી પર પ્રતિબંધ મુકો'' —

  આર — એસ — એસ. (સંઘ) :
- કેન્દ્ર સરકારનું બજેટ મોંઘવારીમાં પ્રચંડ વધારો કરશે — ન્યૂઝ ફોકસ (ગુજરાત સમાચાર)
- ''ફક્ત કેપિટાલિસ્ટ બજેટ'': ગરીબ, ટેક્ષ આપનાર

  ''મીડલક્લાસ : ખેડૂતો માટે કાંઈ કર્યુ નથી'': ચિદ્દમ્બરમજી એક્ષ ફાઈનાન્સમિનિસ્ટર
- ''બજેટ સાહસ અને નવીનતા સાથેનું છે. જે દેશને આત્મનિભરતાની નજીક લઈ જશે.''- ગૌતમભાઈ અદાણી

❑

## નાગરિકો :—

(૧) મારો ટેક્ષ — સતત ૯મી વખત આવકવેરા — સ્લેબમાં પરિવર્તન નહીં, એટલે ફાયદા વંચિત.

(૨) મારી બચત ૮૦સી માં કોઈ નવી છૂટ નહીં એટલે વધારે બચત પર પણ ઇનામનહી.

(૩) મારો બિઝનેસ સ્ટાર્ટઅપ માટે ટેક્ષ છૂટ ૧ વર્ષે વધી —

(૪) મારી ખેતી : સન્માન નિધિ વધારાઈ નહી.

: ખેતી માટે ફક્ત ૪% ફાળવણી થઈ.

: ઓર્ગેનીક ખેતી અને ઓઇલસીડને પ્રોત્સાહન આપી કમાણીનો રસ્તો શોધ્યો.

❑ ''ટેક્ષમાં ઘટાડો નથી કર્યો, પણ ઘણા અગત્યના નિર્ણયો લીધા છે.'' - હર્ષ રૂંગટા

❑ ''મારી એકજ ચિંતા છે કે, કોવિડ દરમ્યાન એમ.એસ.એમ.ઇ. અને સર્વિસ સેકટરે ખૂબ વેઠયું છે. તેમને બજેટમાં કોઈ પ્રોત્સાહનો આપ્યા નથી.'' - કિરણ મજુમદાર શો

❑ ''મહામારી પછી અમે અપેક્ષા રાખતા હતા કે અમને ટેક્ષમાં રાહત જેવી કે એક્સાઈઝ ડયુટી અને ઓછા વ્યાજે નાણાં મળ્યા હોત જેથી અમે મહામારીથી બહાર આવી શક્યા હોત.'' રોનોજોય દત્તા સી.ઈ.ઓ. ઈન્ડીગો

આ બજેટ ગરીબો, ખેડૂતો માટે નિરાશા જનક છે — લાંબાગાળાનું વિચાર કરેલું બજેટ, આજ માટે મુશ્કેલી ઊભી કરી શકે છે, ખાસ કરીને આ સમય મહામારીમાંથી બહાર નીકળવાનો છે .

જયશ્રી વ્યાસ
મેનેજીંગ ડિરેક્ટર, સેવાબેંક

❑

## ઠંડી અને કામ

અરે આ કાતિલ ઠંડી અને જાણે બરફ થીજે તેમ ગામમાં પેસી (પગરજ) અને ચમકારો થાય...

મેં લીલાબેનને પૂછ્યું, ''આ ઠંડીમાં તમે શું અનુભવો છો?''

''શું કહું તમને. વરસાદ આવ્યો બાજરી બગડી, ઠંડી પડી પાકમાં ઉતારો ઓછો આવે. હવારમાં ખેતર જવાતું નથી. ૮ વાગ્યે નથી જવાતું. હું તો ૧૦ વાગ્યે જવું તોય ઠંડી તો લાગે. ખેતરમાં શાકભાજીના ફૂલો ગળી જાય છે. રીંગણ તો ખરાબ થઈ જાય. અમને તો રોજગારી અને આવક બધી બાજુ નુકસાન જ છે. આ અમારા પાકોનું નુકસાન થાય ? તો સરકારની યોજના હોવી જોઈએ આ માટે ?

છોકરા માંદા પડે દવાનાં ઘર અને ઢોરાને હાચવવાના, કોથળા કંતાન ઓઢાડવા પડે. તાપણાં કરીએ મૂંગા પશુ ઠરે? ભેંસ ગાભણી હોય તો બચ્ચું (વાછરડું) કે પાડો આવે (વિયાવાની) હોય તો ઠંડીમાં મૃત્યુ પામે છે.

અમારે તો ઘરમાં અને બહાર ખેતરમાં બધી જવાબદારી હોય."

- તારા
ગાંધીનગર જિલ્લો

❑

## સુખી મહિલા સેવા મંડળ, બોડેલીમાં ટાઢ

સુખી મહિલા સેવા મંડળ બોડેલી એ આદિવાસી ગરીબ શ્રમજીવી ૬૦૦૦૦ બહેનોનું સંગઠન છે. જે પૈકી ખેતી અને પશુપાલન તેમનો મુખ્ય વ્યવસાય છે. હાલમાં છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લા સપ્તાહથી ઠંડીના પ્રમાણમાં વધારો થયો છે અને તાપમાન અંદાજિત ૨૦ ડિગ્રી જેટલું થાય છે તેમજ વાતાવરણમાં ફેરફારો થતા હોવાથી આપણા સભ્ય બહેનોના ધંધા અને રોજગરમાં પણ અસર જોવા મળે છે. ખાસ કરીને જણાવવાનું કે હાલની ઠંડીને કારણે પશુપાલન કરતાં બહેનોના પશુઓના દૂધ ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે છે જેથી તેમણે આવકમાં પણ અસર પડે છે.

❑

આપણા સભ્ય બહેનો પાસેથી જાણવા મળ્યું કે શિયાળાની પરિસ્થિતિમાં વાતાવરણ ઠંડું હોવાથી પશુઓ પાણી ઓછું પીવે છે અને જેના કારણે દૂધ ઉત્પાદનમાં ફરક પડે છે. તેથી આપણા સભ્ય બહેનો પોતાની આવડત આધારિત પશુઓને નવસેકું પાણી કરીને પીવડાવે છે તેમજ નવડાવે છે અને સાંજ પડે ત્યારે તેમના રહેઠાણની જગ્યા પર તગારમાં છાણ તેમજ લીમડાનો ધુમાડો કરે છે જેથી તેમને મચ્છરજન્ય રોગો થતાં નથી અને તેમને સુરક્ષા મળી રહે છે.

આમ જ ખેતીમાં પણ ઠંડી વધારે હોવાથી ઝાકળ વધુ પડવાથી સભ્ય બહેનો માટે ખેતરમાં કામકરવું અઘરું પડે છે. ખેતરમાં ભેજનું પ્રમાણ હોવાથી તેઓ મોડા ખેતરે જાય છે અને વહેલા ખેતર જાય તો ઝાકળવાળો છોડ શરીર પર અડે તો ચામડીના રોગ અને ખંજવાળ આવે માટે મોડા ખેતરે જાય અને આવી ઠંડીમાં તો કપાસ અને બીજા પાકમાં પણ ભેજ થઈ જાય છે જેનાથી ઉત્પાદન પણ અંદાજ પ્રમાણે મળતું નથી.

હમણાં કપાસનો ભાવ વધારે છે, પરંતુ ઠંડીના કારણે જીંડવા ફૂટતા જ નથી જેથી કરીને તેઓ કપાસ વેચી શકતા નથી અને તેમને આ પ્રમાણે નુકસાન થાય છે અને ઠંડીમાં જીવન ગુજરાન કરવું અઘરું પડે છે.

- પૂર્ણિમા,
છોટાઉદેપુર

❑

## વાતાવરણ ખેતીને ઠંડી બહુ લાગે...

મહેસાણા જિલ્લામાં ઠંડી એ માજા મૂકી દીધી છે તેના કારણે શ્રમજીવી સભ્યોને ખૂબ જ માઠી અસર પડી છે કારણ કે સભ્યો દાળી, મજુરી કે ખેતરમાં વહેલા જઈ શકતા નથી. અતિશય ઠંડીના કારણે તેઓ ઘર માંથી બહાર નીકળી શકતા નથી. ઘરમાં તાપણી કરીને બેસે છે. ઠંડીના કારણે તેમની રોજગારી ઉપર પણ અસર પડી છે. સભ્યો જે ખેતી કરે છે તેમાં શાકભાજીના પાકો જેવાં કે ટામેટા, મરચાં, રીંગણ, છોડમાં કોકળું વળી જાય છે. વધુ ઠંડીને કારણે ફૂલ ખરી પડે છે, લીંબુંના ફૂલ, નાના ફળ પણ ખરી જાય છે.

પશુઓમાં પણ ઠંડીના કારણે ઠરી જાય છે. એટલે દૂધમાં પણ ફેર પડે છે. દૂધ થીજી જાય છે, ફેટમાં પણ ફરક આવે છે. પશુઓને વધુ ઠંડીમાં એમની પીઠ ઉપર કોથળા ઓઢાડીએ છીએ અને એમને સુરક્ષિત જગ્યાએ રાખતા હોય છે અને જો ભેંસ કે ગાય વિયાઈ હોય તો તેને ગરમ ખોરાક આપવો જોઈએ જેથી તેના શરીરમાં ગરમાવો રહી શકે. હાલમાં ખેતીમાં દીવેલમાં તેના નવું ફૂલ આવતું હોઈ અતિશય ઠંડીના કારણે ખરી પડે છે તેથી ઉત્પાદનમાં પણ ફરક જોવા મળે છે. જીરામાં કાળીયો આવી જાય જેથી ઉત્પાદન ઓછું જોવા મળે, તોય બહેનોનું કામતો ચાલુ જ.

## ટાઢ ટાઢ કરીએ નહિ
## ટાઢના માર્યા મરીએ નહિ
## ટાઢ વાય સૌને
## ના વાય વહુ ને.

મહેસાણા જિલ્લાની વાત કરીએ તો ઠંડીની અસર ખૂબ વધારે પ્રમાણ માં જોવા મળી રહી છે. ગત વર્ષ કરતાં આ વરસે ઘણો તફાવત જોવા મળી રહ્યો છે ત્યારે ગામડામાં રહેતા અને ખેતી કામકરતાં લોકો જેમની રોજગારી જ ખેતી છે, તેઓના ઘર પરિવાર પર, પશુ, પાક પર ઘણી અસર વરતાઈ છે, લોકો જે સવારે વહેલી પરોઢે ઊઠીને કામપર લાગી જતા હતા તે અત્યારે અતિશય ઠંડીના કારણે કામનથી કરી શકતા.

સમય સાથે તેમનું કામનથી પતતું તો તેઓ ખેતરમાં પણ કામનથી કરી શકતા અને અતિશય ઠંડીના લીધે તેમના પાકોમાં પણ ઘણું નુકશાન છે. જેમકે મરચાં, રાઈ, રીંગણી, વરિયાળી, જેવા નાનામોટા પાક પરથી ફૂલ ખરી ગયા છે. સાથેસાથે મરચાં જેવા રોકડિયા પાકોમાં ટુંટાટ્યું આવી ગયું છે. પહેલાં જે ટામેટા શિયાળામાં સાવ સસ્તા મળતા હતા તે અત્યારે ઘણા મોંઘા થઈ ગયા છે, દરેક નાની મોટી શાકભાજીને આ ઠંડીમાં નુકસાન જોવા મળી રહ્યું છે અને ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે ત્યારે મધ્યમવર્ગમાં સૌથી વધારે મરો થઈ રહ્યો છે કારણ કે જે રોજનું શાકભાજી ૨૦ રૂપિયાથી ૩૦ રૂપિયામાં આવતું હતું તે આજે ૧૦૦ રૂપિયાએ પહોંચી ગયું છે.

શહેરમાં વસતા લોકો પર ઠંડીની અસર ઓછી જોવા મળે કારણ કે પ્રદૂષણ વધારે હોવાથી તેની અસર તેટલી નથી વાર્તાતી જેટલી ગામડામાં વર્તાય છે કારણ કે ત્યાં લીલોતરી વધારે અને પ્રદૂષણનું પ્રમાણ નહીંવત્ હોય છે, શહેરમાં લોકો પાકા મકાનમાં રહે તથા ગીચતાનું પ્રમાણ વધારે છે અને જ્યારે ગામડામાં છૂટાછવાયા ઘર અને મોટા ભાગે કાચા મકાન હોવાથી તથા તેમની પાસે શહેરી લોકોના પ્રમાણમાં આધુનિક સુવિધાઓનો અભાવ પણ જોવા મળે કારણકે ત્યાં તો હીટરનો ઉપયોગ કરીને ઠંડી સામે રક્ષણ મેળવી શકે છે.

❑

આમતો પાકોમાં નુકશાન સાથે ફાયદો પણ જોવા મળે છે કારણ કે ઘઉં જેવા પાક માટે આ ઠંડી ખૂબ સારી સાબિત થાય છે અને જે વરિયાળીની પોંખ બેસી ગઈ છે તેને પણ આ ઠંડી ખૂબ સારી સાબિત થાય છે. એટલે એમકહી શકાય કે આ ઠંડીની સારી અસર લાંબાગાળે જોવા મળશે.

અતિશય ઠંડીના લીધે બાળકો સ્કૂલે પણ જઈ શકતા નથી. સભ્યો ઠંડીથી રક્ષણ મેળવવા માટે સવારમાં બાજરીનો રોટલો, ગોળ, ઘી અને લીલું લસણ સવારે ખાતા હોય છે.

- હસુમતિ, પરવીન

❑

# કાશ્મીરમાં હિમવર્ષા અને અતિશય ઠંડીથી જનજીવન ખોરવાયું

આ વર્ષ અતિશય ઠંડીના કારણે કાશ્મીરની ખીણના વિસ્તારના ગામડાઓમાં લોકોના જીવન ધોરણ પર માઠી અસર જોવા મળી છે. કહેવાય છે કે ઘણા વર્ષોથી કાશ્મીરના પહાડી વિસ્તારમાં અને અંતરિયાળ બોર્ડર વિસ્તાર તેમજ ખીણવાળા ભાગમાં દર વર્ષે ચાલીસ દિવસના ચિલાઈકલન સમયે અતિશય હિમવર્ષા થતી હોય છે. આ વર્ષે હિમવર્ષા નીચાણવાળા વિસ્તારમાં જોઈએ એટલો ન થવાથી ઠંડીનું પ્રમાણ ઘણું જ વધારે છે. પહાડી વિસ્તારમાં હિમવર્ષા વધારે થવાથી કાશ્મીરના રહેવાસીઓના જીવનનિર્વાહ પર માઠી અસર જોવા મળી રહી છે.

સેવા છેલ્લાં ચૌદ વર્ષથી કાશ્મીરના અંતરિયાળ વિસ્તારના કુપવાડા જિલ્લામાં અન ગાંધર્બલ જિલ્લામાં કામ કરે છે. આપણા જે સભ્ય બહેનો સાથે વાતચીત દરમિયાન જાણવા મળેલ કે હાલમાં પરિસ્થિતિ ઠંડીના કારણે ઘણી જ ખરાબ છે. સભ્ય બહેનોને તેમની ખાવાપીવાની વસ્તુઓ, રોજગારી, બિમારી, વાહન વ્યવહાર અને જે સભ્યોના ઘરના બહારગામ ગયેલ જેમને હિમવર્ષાના કારણે અસર પહોંચી છે.

બહેનો સાથે વાતચીત દરમિયાન જાણવા મળેલ કે બે વર્ષથી કોરોનાના કારણે રોજગારી પર અસર થયેલ. આ વર્ષે પણ અતિશય ઠંડી પડવાના કારણે બે મહિનાથી કોરોના દર્દીમાં વધારો થયો છે. અચાનક પહાડી વિસ્તારમાં હિમવર્ષા થવાના કારણે બન્ના થર નીચે પહાડ સાથે ધસી આવતા રોડ રસ્તા બંધ થઈ ગયા જેનાથી જે લોકો ટ્રાવેલિંગ કરતાં હતા તે રસ્તામાં અટવાઈ ગયા અને ગાડીઓ પર બરફના પહાડ ધસી પડવાથી નુકસાન પણ થયું છે.

સાથેસાથે ગાડીમાં બેઠેલા સભ્યોને પણ માનહાનિ પહોંચી છે. કોરોનાના કેસ વધવાથી જે સભ્યોના ઘરના લોકો જમ્મુ, દિલ્લી અને પંજાબ ગયા છે તે રોડ, રસ્તા બંધ થવાના કારણે તેઓ ત્યાં કોરોનાના ડરમાં રહે છે. બે વર્ષથી રોજગારી પર અસર પહોંચી છે. જેના લીધે આ વર્ષ ઠંડીની સિઝનમાં જે બહાર સોલ સ્ટીલ વેચાણ કરવા જવાના હતા તેઓ પણ લૉકડાઉનના ડરથી જઈ શક્યા ન હોવાથી રોજગારી પર અસર પડી છે. સભ્ય બહેનોના ઘરમાં જે વૃદ્ધ માતાપિતા કે બિમાર વ્યક્તિઓ છે, જેઓ આ ઠંડીના કારણે છાતીમાં દુખાવો, ખાસી, શરદી તેમજ કોરોનાના કેસ વધ્યા છે.

ઠંડીનું પ્રમાણ આ વર્ષે વધારે હોવાના કારણે નાના-નાના ઉંમરના લોકોમાં પણ હાર્ટએટેક જોવા મળે છે. કોરોનાની વેક્સિન શરૂ થઈ તે સમયે કાશ્મીરના લોકો રસી લેવામાં ડરતા હતા. પણ આજે જે ત્રીજો ડોઝ શરૂ થયો છે જે સભ્યોના ઘરમાં મોટી ઉંમરના સભ્યો છે જેમને તે અપાવે છે. તેમજ આપડા સભ્ય બહેનો ગામડે ગામડે વેક્સિનેશન કરાવવું જોઈએ. જેના ફાયદા વિશે રૂબરૂ જઈને તેમજ ફોનથી સંપર્ક કરીને વેક્સિન લેવા માટે સમજાવે છે.

પહાડી વિસ્તારમાં રહેતા જે ગુર્જ્જર કોમ્યુનિટીના સભ્યો છે જે તેમના પશુઓને ઠંડીની સિઝનમાં પહાડી વિસ્તારની નીચે લઈ જતા હોય છે. જે લોકો આ વર્ષ રસ્તામાં પહાડમાં અટવાઈ ગયા છે. જેનાથી પશુઓને ઠંડી સામે રક્ષણ આપવા માટે જંગલના લાકડા સળગાવીને કાંતી વાંડા બનાવીને પહાડમાં રહેવા વ્યવસ્થા કરી પોતાના પશુઓને બચાવવા પ્રયત્ન કરે છે.

ઠંડીની સિઝનમાં લાકડાનો પુષ્કળ વપરાશ થતો હોવાથી જે સભ્યો જંગલમાં લાકડા વીણવા જતા હતા તે પણ જઈ શકતા નથી. તેમને ડર છે કે રસ્તામાં હોઈએ અને હિમવર્ષા અચાનક થશે તો અટવાઈ જઈશું. પહાડી વિસ્તારમાં જે સભ્યોના મકાન છે ત્યાં બરફ વધારે પડવાથી તેમના મકાનોને નુકસાન થયું છે. ઠંડીના કારણે પાણીની ટાંકીઓ ફાટી જવાથી જે સંગ્રહ કરેલું પાણી ટાંકામાંથી નીકળી જવાથી પીવાના પાણીની અને વપરાશ માટે પાણીની અછત જોવા મળી છે. કાશ્મીરમાં ડિસેમ્બર મહિનામાં બરફ વધારે પડે તો સફરજનની ખેતી માટે સારો માનવામાં આવે છે. પરંતુ આ વર્ષે બરફ જાન્યુઆરીમાં પડ્યો તે પણ નીચલા વિસ્તારમાં ન પડવાને કારણે ઠંડીનું પ્રમાણ વધ્યું છે. જે સફરજનના પાક માટે નુકસાન કરશે. કોરોનાના કારણે બાળકોના ભણતર પર બે વર્ષથી અસર પડી રહી છે. ઠંડીના કારણે સ્કૂલો બંધ હોવાથી તેમના શિક્ષણ પર અસર પડી છે.

આમ, કાશ્મીરના આપડા સભ્ય બહેનો તેમજ જે બીજા સભ્યો છે જેમને આ ઠંડી સામે રક્ષણ મેળવવવા માટે હિમ્મત આપે તેમનું આરોગ્ય સારું રહે તેવી પ્રાર્થના.

- દિશા

❑

અમારી સાથે પ્રગતિના પંથે
આપના સપના કરો સાકાર

શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.
સતત 48 વર્ષથી મહિલાઓના ઉત્કર્ષ માટે કાર્યરત.

ઝડપી અને સુરક્ષિત ગોલ્ડ લોન

મકાન માટે લોન

નવું વાહન ખરીદવા માટે લોન

ધંધા માટે લોન

"અટલ પેન્શન યોજના"
ભારત સરકારની પેન્શન યોજનાના અમો પણ "અગ્રિગેટર" છીએ.

ખાતા ધારકો માટે અકસ્માત વીમો
વાર્ષિક ₹ 60 ના પ્રિમીયમમાં 5 લાખનો વીમો.

વધુ માહિતી માટે સંપર્ક કરો

શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.
109, સાકાર-2, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ-380006.
ફોન : 26581652, 26581597


❑

# -૪૦ ડિગ્રી એ લડાખ

લડાખ એ ભારતની ઉત્તરે આવેલ સૌથી ઠંડો પર્વતીય વિસ્તાર છે. જ્યાં ડિસેમ્બર-ફેબ્રુઆરી સુધી તાપમાનનો પારો -૪૦ ડિગ્રી સુધી નીચે પહોંચી જાય છે અને ધબકતું જનજીવન ઠરી જાય છે. તેમાં પણ આ વર્ષનો શિયાળો ખૂબ જ આકરો છે. કારણ કે, દેશના મેદાની પ્રદેશોમાં પણ તાપમાન આભૂતપૂર્વ રીતે ઠંડું છે, ત્યાં લડાખમાં લોકો અને 'સેવા'ના સભ્યો પણ ઘરમાં રહેવા મજબૂર છે. લડાખમાં આ બે-ત્રણ માસમાં સેવા સેન્ટરને મહદ્અંશે બંધ રાખવું પડે છે. કારણ કે, પરંપરાગત ઊર્જા સ્ત્રોત ડિઝલનો ઉપયોગ કરી શકાતો નથી. કારણ કે જનરેટર અને ડિઝલ સાવ ઠરી જવાથી ચાલુ નથી કરી શકતા. ઉપરાંત ઈલેક્ટ્રીસિટી હિટર કામકરી શકતા નથી, તેથી બહેનો ઘરે બેસીને ઘરકામની સાથે-સાથે રોજગારીના કામકરે છે. જેમાં હાથશાળ માટે ઊનને સાફ કરી તેના દોરા બનાવવા, ગૂંથણકામ કરી તેમાંથી મફલર, સ્વેટર, ટોપી, લડાખી બુટી (મોજા) બનાવવાનું કામ કરે છે. ઉપરાંત ખેતપેદાશોના મૂલ્યવર્ધનની કામગીરી અંતરગત જલદારૂના બીજમાંથી પરંપરાગત રીતે તેલ કાઢાવવાનું કામ કરે છે. બેકરી કામમાં ઓર્ડર મુજબ કેક, બિસ્કીટ, પુળી (લડાખી કુલ્ચા) બનાવીને વેચાણ તો કરે છે. ઉપરોક્ત પરિસ્થિતિ જોતા સૂર્ય ઊર્જાનો ઉપયોગ કરીને સેવા-સેન્ટરને ગરમ રાખી શકાય તો બહેનો સેન્ટર પર આવી કામકરી શકે જે માટેના જોડાણ કરી આવતાં વર્ષે આપણે સેન્ટર ચાલુ રાખી શકીએ તેવી આશા છે.

❑ — નીતા

# શિયાળુ પાકને ઠંડીની અસર

કચ્છ જિલ્લામાં ઠંડીનું પ્રમાણ વધારે હોવાથી સભ્યોને તેમના પશુઓને અને શિયાળુ પાકમાં ઘણી અસર થઈ છે. અત્યારે જિલ્લામાં શિયાળુ પાકમાં ઘઉ, રાયડો, એરંડા, ઈસબગુલ અને બાગાયતી પાકમાં દાડમથાય છે. તેમાં ઘઉ અને રાયડામાં આ ઠંડી પડવાથી પાક સારો થાય છે, પણ વધારે પડતું વાદળછાયું વાતાવરણ હોય તો ઘઉને નુકશાન થાય. એરંડાના પાકમાં જીવાત આવેલ છે. ઠંડકના કારણે પણ તેમાં આપણા સભ્યો જીવાત નિયંત્રણ માટે દવાનો છંટકાવ ચાલુ કરી દીધેલ છે.

એરંડાની પહેલી વીણી પણ થઈ ગયેલ છે અને તેને સલામત સ્થળ પર કોથળા ભરીને મૂકી દીધા છે. દાડમ ફાટી જાય છે. ઠંડકના કારણે તો તેને પણ કોથળીઓ દાડમના છોડને પહેરાવવાથી નુકશાન ઓછું થાય છે. ખેતીના પાકોમાં ઉપર મુજબ ઠંડીની અસર છે.

પશુઓ પર ઠંડી પડવાથી અને પાણી ઓછું પીવડાવવાથી દૂધનું પ્રમાણ અને ફેટની ટકાવારી ઘટી જાય છે. પણ, આપણે સભ્યોને ફોનથી જાગૃતિ આપીએ છીએ કે થોડું નવસેકુ ગરમ પાણી પીવડાવવું અને જ્યારે પશુઓને બાંધે છે ત્યાં તાપણી કરે છે અને કંતાનના કોથળા પણ ઓઢાડે છે અને નાના પશુઓને પૂળાનું છાપરું બાંધીને તેમાં રાખે છે, પણ ઘેટા જેવા પશુઓને શરદી થઈ જાય તેના કારણે મરણ પામે છે પણ અત્યારે એવા કોઈ પશુ મરણ પામ્યા નથી. ઠંડીના કારણે સભ્યો ખેતરમાં મજૂરી કરવા મોડા જાય સવારે ૯થી ૪ વાગ્યા મજૂરો ખેતીનું કામકરવા જાય છે. વહેલી સવારે અને રાત્રે તાપણા કરીને ઘરના સભ્યો અથવા ફળિયાના સભ્યો ભેગા થઈને બેઠા હોય છે. અત્યારે આપણને કોઈથી જાણવા મળેલ કે સભ્યોની રોજગારી કે આવક પર કોઈ અસર થયેલ નથી.

❑ — ગીતા સીતાપરા

# સાયન્સ ફેક્ટઃ પૃથ્વી ઉપર જુદી-જુદી ઋતુઓ કેમ અનુભવાય છે?

નારંગી જેવો ગોળ આકાર ધરાવતી પૃથ્વી પોતાની ધરી ઉપર ચોવીસ કલાકમાં સૂર્યની આસપાસ એક ચક્કર ફરે છે.

મિત્રો, આપણે સૌ પૃથ્વી ઉપર અલગ-અલગ ઋતુઓનો અનુભવ કરીએ છીએ. ઉનાળામાં ગરમી લાગે, શિયાળામાં ઠંડી લાગે ને ચોમાસામાં વરસાદની મજા માણીએ. ત્રણેય ઋતુના જુદા-જુદા અનુભવનું કારણ તમને ખબર છે શું છે? કારણ કે આપણી પૃથ્વીની ધરી ૨૩.૫ અંશના ખૂણે નમેલી છે. સામાન્ય રીતે બ્રહ્માંડના દરેક ગતિમાન પદાર્થોની જેમપૃથ્વીની પણ બે પ્રકારની ગતિ છે. દૈનિક અને વાર્ષિક ગતિ. સૂર્યની આસપાસ પરિભ્રમણ કરતાં પૃથ્વી ઉપર પડતી સૂર્યની ગરમીના પ્રમાણમાં ફેરફાર થવાને કારણે પૃથ્વી ઉપર ઋતુઓ બદલાય છે. નારંગી જેવો ગોળ આકાર ધરાવતી પૃથ્વી પોતાની ધરી ઉપર ચોવીસ કલાકમાં સૂર્યની આજુબાજુ પૃથ્વી ફરે તેને પરિક્રમણ કહે છે. એવી માન્યતા પણ રહેલી છે કે પૃથ્વીનું સૂર્યથી બદલાતું અંતર એ ઋતુઓ બદલાવા પાછળનું કારણ છે, પણ હકીકતમાં તો ઋતુઓ બદલાવાનું કારણ આ નમેલી પૃથ્વી છે.

ઉત્તર ગોળાર્ધના શિયાળા દરમિયાન એટલે કે ડિસેમ્બરથી ફેબ્રુઆરીના સમયગાળામાં પૃથ્વી એવી રીતે નમેલી હોય છે કે દક્ષિણ ગોળાર્ધના પ્રદેશ ઉપર સૂર્યનાં સીધાં કિરણો આવે છે અને ઉત્તર ગોળાર્ધના પ્રદેશ ઉપર સૂર્યનાં કિરણો સીધાં આવતાં નથી. ઉત્તર ગોળાર્ધના ઉનાળા વખતે એટલે કે માર્ચથી જૂન મહિનાના સમયગાળામાં પૃથ્વી એવી રીતે નમેલી હોય છે કે જેથી ઉત્તર ગોળાર્ધનાં પ્રદેશ ઉપર સૂર્યનાં કિરણો સીધાં આવે છે જેથી ઉનાળાનો અનુભવ થાય છે. આમ, પૃથ્વી તેની ધરી ઉપર સહેજ ત્રાંસી થઈને જે રીતે ફરે છે, તે મુજબ પૃથ્વી ઉપર ઋતુઓ બદલાય છે.

- સાભાર- સહકારમાંથી

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23
Issued by S.S.P. Valid up to 31-12-2023.

Ahmedabad P.S.O.
22-2-2022

## જામાજીભાઇને શ્રદ્ધાંજલિ



જામાજીભાઇ કરસનભાઇ દેસાઇ, તા. ૩૦ જાન્યુ.૨૦૨૨ રવિવારના રોજ અવસાન પામ્યા એ દુ:ખદ ઘટના 'સેવા' પર એકાએક તૂટી પડી. તેઓ 'સેવા'માં ડ્રાયવર તરીકે ૨૩ વર્ષથી કામગીરી બજાવતાં હતાં. ત્યારબાદ સ્વસ્થ રીતે રીટાયર્ડ થયાં હતાં.

'સેવા'માં બહેનો સાથે સાદગીસભર રીતે તેમણે કામગીરી કરી. આરોગ્ય સેવાની તાલીમમાટે અંતરિયાળ ગામોમાં બહેનોને લઇને જતાં હતાં, બહેનો તેમની સાથે સલામતી અનુભવતાં હતાં. તેમની કામગીરી સરાહનીય હતી. કાયમ માટે હસમુખો સ્વભાવ. ગાડી ચલાવતાં પણ આનંદ સાથે હસાવતાં હસાવતાં બહેનોને લઇને જતાં હતાં. બધા બહેનો તેમને વડીલ તરીકે માન આપતાં. ૨૯ જાન્યુ. ૨૦૨૨ના રોજ ફોન પર હસતાં હસતાં વાત કરી છે અને બીજા દિવસે હૃદય રોગના હુમલાથી અચાનક અવસાન ના સમાચાર મળતાં ખૂબ જ દુ:ખ થયું છે. તેમનાં કુટુંબીજનોને ઇશ્વર આઘાત સહન કરવાની શક્તિ આપે. પ્રભુને પ્રાર્થના કરીએ કે તેમન દિવ્ય આત્માને ચીર શાંતિ અર્પે.

- મંદા


❑ સામાજિક સુરક્ષા

અમદાવાદ જિલ્લાના વનીકરણના કામ સાથે સંકળાયેલા ત્યારે વિરમગામના દૂર-દૂરના ગામોના પડતર જમીનના કામ માટે સવારે ૮ વાગ્યે જવું પડે. તેઓ પણ એટલા જ કામમાં મદદ કરતાં. જમીનોમાં નર્સરીના કામ માટે જવું પડે, તો જામાજીભાઇ અમારી સાથે ચાલીને આવે. ગામમાં કોઇને કોઇ તો એમને ઓળખતુ જ હોય. એમની ઓળખાણ ઘણી જગ્યાએ હતી. એટલો એમનો સ્વભાવ સારો હતો. બસ પ્રભુ તેમના ઘરના સભ્યનોને આવી પડેલી મુશ્કેલીનો સામનો કરવાની શક્તિ આપે. એમના સદ્‌ગતના આત્માને શાંતિ આપે એવી ભાવભીની શ્રદ્ધાંજલિ.

- અમદાવાદ જિલ્લો

❑ ચંદ્રિકા, મંજુલા, ગીતા

## રશીદચાચાને શ્રદ્ધાંજલિ



રશીદચાચાએ ૩૫ વર્ષ સુધી સેવામાં કામ કર્યુ હતું. તેમનો સ્વભાવ એકદમ શાંત. ખાસ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની દૂધમંડળીઓ બનાવવામાં એમનો ખૂબ જ ફાળો રહ્યો છે. સવારે વહેલા ૪ વાગ્યે જવાનું અને મોડી રાત્રે આવવાનું. દૂધનું કામ જ આ જ સમયનું જ્યારે પણ ગાડી લઇને જવાનું થાય તો સમયસર હાજર થઇ જતાં. તેઓ પિતા સમાન હતાં, ઘરનાને પણ વિશ્વાસ રશીદ ચાચા છે ને? પછી કંઇના પૂછે. જ્યારે પણ ગામોમાં કામ કરવા જઇએ ત્યારે અમારું ધ્યાન રાખે. અમે કયા ફળિયામાં જઇએ તે કહીને જઇએ. એકવાર એક મંડળી બનાવવા ગયા ત્યારે સરપંચ દારૂ પીને છરી લઇને અમને બિવડાવતા અમારી પાછળ ભાગ્યા હતાં કહે, અહિંયા મંડળી નહીં બનાવવાની. ત્યારે રશીદ ચાચા પણ લડવા લાગ્યાને અમને હિંમત આપી હતી. બીજી મંડળીમાં પણ નવી મંડળી ચાલુ કરવા ગયા ત્યારે રબારીઓએ પથ્થરમારો કર્યો હતો. એ સમયે પણ રશીદ ચાચા એ બધાને પોલીસચોકીએ લઇ ગયા, ને અમને કહે, તમારે ડરવાનું નહીં, આપણે સેવાનું કામ કરવા આવ્યા છીએ. આવું તો ઘણી વખત બનતું અને દરેક સમયે અમને મદદ કરતાં અને દીકરીઓની જેમ સાચવતાં. રશીદચાચાના દીકરા મહોમ્મદભાઇએ રશીદચાચાની પરંપરા સાચવી છે. મહોમ્મદભાઇ પણ એ જ પ્રામાણિકતા અને લગનથી 'સેવા'માં રશીદચાચાનું કામ સંભાળે છે. રશીદચાચાને સલામ!

- અમદાવાદ જિલ્લો

ચંદ્રિકા, મંજુલા, ગીતા

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 22-2-2022

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

❑